# 6 જાદુઈ વાંસળી

| | |
|---|---|
| હેતુ<br>**Objectives** | • કલાકારો પ્રત્યે આદરભાવ કેળવે.<br>• અવલોકન શક્તિ અને કલ્પનાશક્તિનો વિકાસ થાય.<br>• કલાકારોને પ્રોત્સાહન આપવાનું શીખે.<br>• સંગીતના મહત્વને જાણશે.<br>• વચનપાલનમાં દ્રઢતા લાવવાનું શીખે. |
| સહાયક સામગ્રી<br>**Support material** | • પાઠયપુસ્તક • સ્વાધ્યાય પુસ્તિકા • વેબ સપોર્ટ<br>• વિવિધ વાદ્ય સાધનો અથવા ચિત્રો.<br>• શ્યામફલક, ચોક. |
| પાઠની તૈયારી<br>**Generate interest** | • ચર્ચાના મુદ્દા દ્વારા વાતચીત કરીને માનસિક અને બોદ્ધિક રીતે પાઠને સમજવા માટે તૈયાર થાય.<br>• વિવિધ સંગીતના સાધનો બતાવીને તે આધારિત પ્રશ્નો પૂછીને રસરુચિ અને જીજ્ઞાસા ઉત્પન્ન કરવી.<br>• કલાકાર સાથે વ્યવહાર કેવો કરવો તે અંગે પ્રશ્ન પૂછવા. |
| વાચન/પઠન/શ્રવણ<br>**Speaking/reading/ listening** | • ઈ –પુસ્તક સ્ક્રીન પર બતાવીને શિક્ષક પાઠનું વાચન સંભળાવશે.<br>• વર્ગમાં વિદ્યાર્થીઓ સંવાદોનું પુનરાવર્તન કરશે.<br>• આ ચર્ચામાં વચ્ચે વચ્ચે પ્રશ્નો પૂછીને એકમ પ્રત્યે રુચિ જાગૃત કરવી.<br>• વિદ્યાર્થીઓ, સંગીતની જાદુઈ અસર વિશે જાણશે. |
| શબ્દ પરિચય<br>**Vocabulary** | • પાઠમાં દર્શાવાયેલ શબ્દાર્થ જણાવવા. • નવીન શબ્દોનો પરિચય આપવો.<br>• શબ્દોનો વાક્યપ્રયોગ કરાવવો. • પાઠમાંથી અઘરા શબ્દોની નોંધ કરાવવી.<br>• શબ્દોનું સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચારણ કરાવવું. • શ્રુત લેખન કરાવવું. |

# અભ્યાસ

## સ્વાધ્યાય

**મૌખિક**

**પ્ર.૧ ગામનું નામ શું હતું ?**

જ.૧ ગામનું નામ કિશનપુરા હતું.

**પ્ર.૨ ગામમાં શેનો ત્રાસ વધી ગયો હતો ?**

જ.૨ ગામમાં ઉંદરોનો ત્રાસ વધી ગયો હતો.

**પ્ર.૩ વાંસળીવાળો કેટલાં સિક્કાની માંગણી કરે છે ?**

જ.૪ વાંસળીવાળો ૧૦૦ ચાંદીના સિક્કાની માંગણી કરે છે.

**લિખિત**

૧. **પ્ર.૧ ઉંદરોનો ઉપદ્રવ કેવી રીતે વધી રહ્યો હતો ?**

જ.૧ ગામમાં જ્યાં જોઈએ ત્યાં ઉંદર અને ઉંદર દેખાઈ રહ્યા હતા.આ ઉંદરોને લીધે કોઈ શાંતિથી ખાઈ ના શકે, ચાલી ના શકે, ઊંઘી ના શકે, બધી જગ્યાએ ચૂં ...ચૂં ...ચૂં અવાજ કાને અથડાયા કરે. લોકોના જીવનની શાંતિ જાણે હણાય ગઈ હોય એમ આખું ગામ એની ચિંતા કરવા લાગ્યું હતું.

**પ્ર.૨ ગામ લોકોની પરેશાની કેવી રીતે દૂર થાય છે ?**

જ.૨ ગામલોકો ઉંદરોના ત્રાસથી કંટાળી ગયા હતા. એક વાંસળીવાળો ગામલોકોની પરેશાની સાંભળે છે અને પોતાની વાંસળીમાં જાદુઈ સૂર વગાડે છે અને ધીરે ધીરે બધાં જ ઉંદરો વાંસળીવાળાની પાછળ પાછળ દોડી આવે છે. વાંસળીવાળો આ ઉંદરોને નદી સુધી લઈ જાય છે અને બધાં ઉંદરો નદીમાં ડૂબી જાય છે અને ગામલોકોની પરેશાની દૂર થાય છે.

**પ્ર.૩ વાંસળીવાળો કેવી રીતે પોતાના હકના પૈસા મેળવે છે ?**

જ.૩ વાંસળીવાળો નિરાશ થયા વગર સવારે વહેલા વાંસળી વગાડે છે અને એના જાદુઈ સૂરોની અસરથી ગામના બધાં બાળકો તેની પાછળ પાછળ જંગલ સુધી પહોંચી જાય છે. વાંસળીવાળો બધાં બાળકોને એક ગુફામાં બંધ કરી દે છે. બાળકોને શોધતા શોધતા ગામલોકો ગુફા સુધી પહોંચી જાય છે. વાંસળીવાળાને ત્યાં જોઈને બધી વાત સમજી જાય છે અને તેની માફી માંગી તેને સન્માનિત કરે છે.

૨. **યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.**

૧. વાંસળીના સૂર <u>જાદુઈ</u> હતા. (બેસુરા, જાદુઈ)

૨. ઉંદર <u>ચૂં ...ચૂં ...ચૂં</u> અવાજ કરતાં હતાં (ચૂં ...ચૂં ...ચૂં , કુ...કુ..કુ..)

૩. ઈનામ રૂપે વાંસળીવાળાએ ૧૦૦ <u>ચાંદીના</u> સિક્કા માંગ્યા. ( તાંબા, ચાંદી )

૪. વાંસળીવાળો બાળકોને **જંગલમાં** લઈ ગયો. ( જંગલમાં, નદીમાં )

૫. ગામલોકોએ વાંસળીવાળાને **૨૦** સોનાના સિક્કા આપ્યા. ( ૫૦, ૨૦ )

## ભાષાજ્ઞાન

**૧. નીચેના કૌંસમાંથી સાચો વિરોધી શબ્દ શોધીને લખો.**

| | |
|---|---|
| આગળ X પાછળ | હોશિયાર X મૂર્ખ |
| હસવું X રડવું | સન્માન X અપમાન |
| અંદર X બાહર | સૂર્યોદય X સૂર્યાસ્ત |

**૨. પાઠ્યપુસ્તકમાં આપેલ ચિત્ર પ્રમાણે વાદ્યોના નામ :**

૧. હાર્મોનિયમ ૨. ખંજરી ૩. શરણાઈ ૪. સિતાર ૫. વાંસળી

૬. વાયોલિન ૭. તબલાં

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

**વિધાર્થીઓ, સ્વયં કરશે.**

'મારું પ્રિય વાદ્ય' વિશે વિધાર્થી વર્ગમાં પાંચ વાક્ય બોલશે.

પોતાનું મનપસંદ બાળગીત વર્ગમાં સાંભળશે.

ઈન્ટરનેટ પરથી આધુનિક વાદ્યો વિશે જાણકારી વર્ગમાં પ્રસ્તુત કરશે.

# 7 તું નાનો, હું મોટો

| | |
|---|---|
| હેતુ<br>**Objectives** | • વિદ્યાર્થીઓ જીવનના મૂલ્યોને દ્રઢ કરશે.<br>• દરિયો, વૃક્ષ, ગુલાબનું ફૂલ વગેરેના ઉદાહરણો દ્વારા જીવનનો મહામૂલ્ય અર્થ સમજાવવો.<br>• નાનો-મોટો, ઊંચો –નીચો વગેરે જેવા ભેદભાવોથી ઉપર ઉઠીને માનવીય ગુણોને અપનાવે.<br>• હૃદયને વિશાળ બનાવે.<br>• પ્રકૃતિના તત્વો પાસેથી પ્રેરણા પ્રાપ્ત કરશે. |

નથી. જીવનમાં પણ માનવીએ ઊંચ-નીચ, નાનો-મોટો આ ભેદ રાખવો જોઈએ નહીં. કવિના મત મુજબ જેનું મન મોટું એ મોટો માણસ અને જેનું મન નાનું એ નાનો માણસ.

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

**પ્ર.૧ કવિતામાં કેવો ખ્યાલ કવિ દૂર કરવાનું કહે છે ?**

જ.૧ કવિતામાં કવિ મનમાં ઊંચા અને નીચાનો ભેદભાવ દૂર કરવાની વાત કરે છે.

**પ્ર.૨ દરિયામાંથી કેવા સ્વાદનું પાણી પીવા મળે છે ?**

જ.૨ દરિયામાંથી ખારા સ્વાદનું પાણી પીવા મળે છે.

### લિખિત

૧. **પ્ર.૧ મૂર્ખ માણસો કેવો ગૂંચવાડો કરે છે ?**

જ.૧ મૂર્ખ માણસો નાના-મોટાનો ભેદભાવ કરીને ગૂંચવાડો ઊભો કરે છે.

**પ્ર.૨ ગુલાબના છોડના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવા માંગે છે ?**

જ.૨ ગુલાબના છોડ આકારમાં નાનો હોય છે પરંતુ તેના ફૂલની સુંગંધ સૌને તરોતાજા કરી દે છે. ઝાડ આકારમાં મોટા હોય છે પણ તેમાંથી સુગંધ આવતી નથી. આ પ્રમાણે કોઈપણ માણસને તેના આકાર, રંગરૂપથી તપાસવો જોઈએ નહીં.

**પ્ર.૩ માણસે પોતાના મનને કેવું બનાવવું જોઈએ ?**

જ.૩ માણસે પોતાના મનને વિશાળ બનાવવું જોઈએ. કોઈને ભેદભાવની દ્રષ્ટિએ તપાસવા જોઈએ નહીં.

૨. **નીચે આપેલ શબ્દ પરથી વાક્ય બનાવો.**

૧. **સફળતા** - ભારતે અવકાશ વિજ્ઞાનમા વિશેષ સફળતા મળી છે.

૨. **ખારાશ** - આજે શાકમાં ખારાશ વધુ છે.

૩. **સમાનતા** - ભારત દેશમાં સૌ સમાનતાનો અધિકાર ધરાવે છે.

૪. **મૈત્રી** - મૈત્રી (મિત્રતા) ભાવ હમેશા સર્વોપરી છે.

૫. **વૃક્ષો** - તન્મયે 'વૃક્ષો બચાવો' અભિયાનમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

## ભાષાજ્ઞાન

**૧. વિરોધી શબ્દ લખો.**

નાનો X મોટો

ઊંચું X નીચું

ધરતી X આકાશ

સફળતા X અસફળતા

**૨. ખાલી જગ્યા પૂરો**


૧. માણસની તરસ **મીઠા** જળથી દૂર થાય છે.

૨. **નાના** છોડમાં ગુલાબનું ફૂલ ઊગે છે.

૩. મન મોટું તે માણસ **મોટો**

**૩. નીચે આપેલાં ચિત્રને જોઈને તેનાં વિશે પાંચ થી છ વાક્યો લખો.**

પ્રસ્તુત ચિત્ર દિવાળીની ઉજવણીનું છે. બાળકો પરિવાર સાથે દિવાળી માનવી રહ્યા છે. દિવાળી હિન્દુ ધર્મનો મુખ્ય તહેવાર છે. દિવાળીના દિવસે લોકો ઘરે ઘરે દીવા પ્રગટાવવામાં આવે છે. દિવાળીએ પાંચ દિવસનો તહેવાર છે. આ દિવસે લોકો ખુબ ફટાકડા ફોડે છે અને છોકરીઓ રંગોળી બનાવે છે. બધે જ ફટાકડાની રંગીન રોશની હોય છે. આ રોશની રામે રાવણ પર વિજય મેળવ્યો એની અનુભૂતિ કરાવે છે. દિવાળીમાં એક અનોખી જ હકારાત્મકતા અને આનંદનું વાતાવરણ હોય છે.



# 8 આનંદ જ આનંદ

| | |
|---|---|
| હેતુ<br>Objectives | • પ્રાણીઓમાં પણ પ્રેમ, વિચારણા-સમજણ શક્તિ હોય છે, એમ જણાવવું • પશુપ્રેમ, સંરક્ષણ જેવા મૂલ્યો પર ભાર મૂકવો • પ્રાણીસંગ્રહાલય અને તેના વાતાવરણ વિશે જણાવવું. |
| સહાયક સામગ્રી<br>Support material | • પાઠ્ય પુસ્તક • અભ્યાસ પત્ર • ઈ-બુક એનિમેશન સહિત • ટેસ્ટ જનરેટર • વેબસપોર્ટ • ઈન્ટરનેટથી વધારાની માહિતી • શ્યામફલક • ચૉક. |
| પાઠની તૈયારી<br>Generate interest | • 'આવો જાણીએ' શીર્ષક હેઠળ દર્શાવાયેલ પ્રશ્નોની ચર્ચા • જો શક્ય હોય તો જંગલી અને પાળેલાં પ્રાણીઓના ચાર્ટ વર્ગમાં લગાવવા • બીજા પ્રશ્નો પૂછીને પાઠ પ્રતિ રોચકતા જગાવવી, જેમ કે બાળકો, તમે તમારા શહેરના પ્રાણી સંગ્રહાલય ગયાં છો ? ત્યાં તમે કયા-કયા પ્રાણીઓ જોયાં ? આપણે પ્રાણીઓને શા માટે સંભાળીને રાખવા જોઈએ ? શું તમે પ્રાણીઓને એકબીજા સાથે રમતાં જોયાં છે ?<br>• પછી કહેવું-આજે આપણે એક એવી જ વાર્તા ભણીશું • જેમાં એક પ્રાણી સંગ્રહાલયમાં એક સિંહણ કૂતરાના બચ્ચાંને વ્હાલ કરે છે, તેની સાથે રમે છે<br>• પછી શું થાય છે તે વાંચીએ. |
| વાચન/પઠન/શ્રવણ<br>Speaking/reading/listening | • પાઠનું આદર્શ વાંચન કરવું અથવા સીડીની મદદથી પૂરો પાઠ સંભળાવવો.<br>• વર્ગના દરેક બાળક પાસે પાઠનો થોડો ભાગ વંચાવવો. વચ્ચે-વચ્ચે બાળકોને પ્રશ્ન પૂછવા-બાળકો શા માટે રડી રહ્યા હતા ? તેઓ કયા પ્રાણીથી ડરેલાં હતાં?<br>• અશુદ્ધ ઉચ્ચારણને શુદ્ધ કરાવવા. |
| શબ્દ પરિચય<br>Vocabulary | • પાઠમાં દર્શાવાયેલ શબ્દાર્થ જણાવવા • નવીન શબ્દોના અર્થ જણાવવા • જેમ કે પ્રસન્ન-ખુશ, ઝપટવું-તરાપ મારવી વગેરે • વિરોધી શબ્દ, સમાનાર્થી શબ્દો, શ્રુતલેખન કરાવવું. |
| મૌખિક/લિખિત/અભિવ્યક્તિ<br>Oral/written expression | • પ્રશ્નોના ઉત્તર પહેલાં મૌખિક પછી લિખિત રૂપે કરાવવા.<br>• યોગ્ય વાક્ય રચના પર ભાર આપવો.<br>• ભાષા સંબંધી અભ્યાસ-સંયુક્ત વ્યંજન, વિરોધી શબ્દ, સમાનાર્થી શબ્દ. |
| રચનાત્મક પ્રવૃત્તિઓ<br>Creative activities | • આલ્બમ બનાવડાવવું. • વાક્યરચના કરાવવી. • પાળેલા અને જંગલી પ્રાણીઓ પર ચર્ચા કરાવવી • પ્રાણી સંગ્રહાલય જોવા માટે પ્રોત્સાહિત કરવા, પ્રાણી સંગ્રહાલયમાં રહેનાર પ્રાણીઓની સૂચિ બનાવવી. |

| | |
|---|---|
| જીવનમૂલ્ય<br>Values | • પ્રાણીપ્રેમ, સંરક્ષણ, કર્તવ્ય પારાયણતા જેવા જીવનમૂલ્યોને આ પાઠમાં વણવામાં આવ્યા છે. |
| નિષ્કર્ષ<br>Learning outcome | • વિદ્યાર્થીઓ પ્રાણીઓ વિશે જાણે.<br>• પશુઓનું સંરક્ષણ કરે.<br>• પ્રાણી સંગ્રાહલય વિશે જાણે.<br>• પાઠનું શુદ્ધ પઠન કરે. |

**પાઠનો સારાંશ:**

આ વાર્તા એક સાચી ઘટના પર લખાયેલ રોચક કિસ્સો છે. બાળકો પ્રાણી સંગ્રહાલયની સફરે ગયાં હતાં. દરવાજામાં ઘુસતાં જ લોકો આમ-તેમ ભાગતાં દેખાયા. પૂછતાં જાણ થઈ કે એક સિંહણે ત્રણ-ચાર દિવસથી ભોજન કર્યું નથી. જો કોઈ પિંજરામાં ઘુસે તો તેના પર ઝપટે છે. બધા ડરી ગયાં, તેથી જલ્દીથી ઘેર પરત આવી ગયાં. બે દિવસ પછી તે સિંહણનું ચિત્ર અખબારમાં છપાયું હતું. જેમાં તે એક ગલુડિયાં સાથે રમી રહી હતી. આગળ વાંચતાં જાણ થઈ કે એક ગલુડિયું પ્રાણી સંગ્રાહલયના રક્ષકોથી બચીને પિંજરામાં ઘુસી ગયું હતું. સિંહણ અને ગલુડિયું બંને એકબીજાનો સાથ મેળવીને ઘણાં ખુશ હતા. મોકો જોઈને રક્ષકો ગલુડિયાંને ઉઠાવીને લઈ ગયા. સિંહણ તેને ન જોવાથી ગર્જના કરવા લાગી અને તેણે ખાવા-પીવાનું બંધ કરી દીધું. પછી ખ્યાલ આવ્યો કે ગલુડિયું ફરતું-ફરતું પ્રાણી સંગ્રહાલયની બહાર નીકળી ગયું. પ્રાણી સંગ્રહાલયની બહાર એક દુકાન હતી. દુકાનદારનો દિકરો ગલુડિયાંને પોતાના ઘેર લઈ ગયો. ગલુડિયાંએ પણ ખાવા-પીવાનું બંધ કરી દીધું હતું. રક્ષક પોતાની નોકરી જવાના ભયથી જલ્દીથી તેને શોધી લાવ્યા. ગલુડિયાંને જોઈને સિંહણ શાંત થઈ ગઈ. બંને હવે ખુશ હતાં. ચારે તરફ આનંદ જ આનંદ હતો.

## અભ્યાસ

### સ્વાધ્યાય

**મૌખિક**

**પ્ર.૧ પ્રાણી સંગ્રહાલયમાં દાખલ થતાં જ કોની ગર્જના સાંભળવા મળી ?**

જ.૧ પ્રાણી સંગ્રહાલયમાં દાખલ થતાં જ સિંહણની ભયંકર ગર્જના સાંભળવા મળી.

**પ્ર.૨ સિંહણ કોની સાથે રમી રહી હતી ?**

જ.૨ સિંહણ ગલુડિયાં સાથે રમી રહી હતી.

**પ્ર.૩ ગલુડિયું પિંજરામાં કેવી રીતે ઘુસી ગયું ?**

જ.૩ ગલુડિયું રક્ષકોની નજર ચૂકવીને પિંજરામાં ઘુસી ગયું.

**પ્ર.૪ બચ્ચું ફરતું-ફરતું ક્યાં ચાલ્યું ગયું ?**

જ.૪ બચ્ચું ફરતું-ફરતું પ્રાણી સંગ્રહાલયથી બહાર ચાલ્યું ગયું.

**પ્ર.૫ બચ્ચું કઈ વ્યક્તિને મળ્યું ?**

જ.૫ બચ્ચું દુકાનદારના દિકરાને મળ્યું.

## લિખિત

**૧. પ્ર.૧ સિંહણ લોકો પર શા માટે ઝપટી રહી હતી ?**

જ.૧ સિંહણ નારાજ હતી કારણ કે ગલુડિયું ક્યાંક ચાલ્યું ગયું હતું. તેથી તે લોકો પર ઝપટી રહી હતી.

**પ્ર.૨ દાદાજીએ બાળકોને અખબારમાં શું બતાવ્યું ?**

જ.૨ દાદાજીએ બાળકોને અખબારમાં એક ચિત્ર દેખાડ્યું જેમાં સિંહણ કૂતરાના બચ્ચાં સાથે રમી રહી હતી.

**પ્ર.૩ સિંહણની ઊંઘ કઈ રીતે ઉડી ગઈ ?**

જ.૩ ગલુડિયું સિંહણ પર ચડી ગયું અને સિંહણના વાળ સાથે રમવા લાગ્યું. જેનાથી તેની ઊંઘ ઊડી ગઈ.

**પ્ર.૪ સિંહણે ખાવા-પીવાનું બંધ શા માટે કરી દીધું હતું ?**

જ.૪ રક્ષક સિંહણને ખાણી-પીણીમાં વ્યસ્ત જોઈને ગલુડિયાંને પિંજરાની બહાર લઈ ગયા. તેને બચ્ચું ક્યાંય દેખાતું ન હોવાથી તેણે ખાવા-પીવાનું બંધ કરી દીધું.

**પ્ર.૫ સિંહણનો ગુસ્સો શાંત કેવી રીતે થયો ?**

જ.૫ ગલુડિયાંને પોતાના પિંજરામાં જોઈને સિંહણનો ગુસ્સો શાંત થયો.

**૨. યોગ્ય ઉત્તરની સામે (✓) ની નિશાની લગાવો.**

૧. સિંહણે કેટલા દિવસથી ખાધું નહોતું ? ☑ ૩-૪ દિવસ

૨. ગલુડિયું કોના વાળ સાથે રમી રહ્યું હતું ? ☑ સિંહણના

૩. રક્ષકોને કયો ભય હતો ? ☑ સિંહણના મરવાનો

**મૂલ્યવર્ધક પ્રશ્ન.**

પશુ-પક્ષીઓ સાથે સારો વ્યવહાર કરવો જોઈએ. પશુ-પક્ષી પણ પ્રેમ અને મારને ઓળખે છે, જો તમે તેમની સાથે સારો વ્યવહાર કરશો તો તેઓ પણ તમારી રક્ષા કરવામાં પાછળ નહી રહે.

## ભાષાજ્ઞાન

**૧. વાંચો, સમજો અને બધાના બે-બે ઉદાહરણ લખો.**

ન્ન - પ્રસન્ન ···ભિન્ન··· ···ઉન્નતિ···

લ્લ - પલ્લવ ···મલ્લ··· ···ચિલ્લર···

ચ્ચું - બચ્ચું ···સચ્ચાઈ··· ···ખચ્ચર···

૨. **નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| બહાર | × | ···અંદર··· | કાલ | × | ···આજ··· |
| દિન | × | ···રાત··· | થોડું | × | ···વધારે··· |
| જલ્દી | × | ···ધીમે··· | પાછળ | × | ···આગળ··· |
| પાસે | × | ···દૂર··· | નાનું | × | ···મોટું··· |
| શાંત | × | ···અશાંત··· | હસવું | × | ···રડવું.··· |

૩. **નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| આનંદ | - | ···ખુશી··· | ભય | - | ···ડર··· |
| ભયંકર | - | ···ભયજનક··· | શાંત | - | ···નીરવ··· |
| ભોજન | - | ···ખોરાક··· | કોલાહલ | - | ···અવાજ··· |
| દૃશ્ય | - | ···નજારો··· | મા | - | ···માતા··· |
| પ્રાતઃ | - | ···સવાર··· | અખબાર | - | ···સમાચારપત્ર··· |

૪. **નીચે દર્શાવાયેલ શબ્દોની મદદથી ખાલી જગ્યા પૂર્ણ કરો.**

(ના, પર, ની, થી, એ, માં)

૧. બાળકોની આંગળી પકડીને પિતા તમને લઈને આવી રહ્યા હતા.

૨. બાળકો સિંહણના પિંજરામાં પાસે હતા.

૩. ગલુડિયું સિંહણના પિંજરામાં ઘુસી ગયું.

૪. ગલુડીયું સિંહણ પર ચડીને તેના વાળ સાથે રમવા લાગ્યું.

૫. દુકાનદારના દિકરાએ ગલુડિયાને ઉઠાવી લીધું.

૬. તેણે ગલુડિયાને દોરીથી બાંધી દીધું.

૫. **નીચેના વાક્યોમાં દર્શાવાયેલ સંજ્ઞાને રેખાંકિત કરો.**

૧. ગઈકાલે અમે <u>પ્રાણી સંગ્રહાયલ</u> જોવા ગયાં હતાં.

૨. દાદાજી <u>અખબાર</u> વાંચી રહ્યા હતા.

૩. ચાર <u>દિવસ</u> પસાર થઈ ગયા.

૪. તે <u>રુચિ, રૂપક</u> અને <u>મનીષ</u> સાથે રમી રહી હતી.

૫. <u>રક્ષક ગલુડિયાંને</u> ત્યાંથી લઈ આવ્યા.

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

૧. વિદ્યાર્થીઓને સ્વયં કરવા માટે કહો.

૨. વિદ્યાર્થીઓ સાથે પાળેલા અને જંગલી પ્રાણીઓના તફાવત વિશે ચર્ચા કરવી.